# S. U. G college of Education

**PAPER: અભ્યાસક્રમ વિકાસના સિદ્ધાંતો**

## અભ્યાસક્રમ વિકાસના પાયા

**અભ્યાસક્રમ વિકાસના મનોવૈજ્ઞાનિક પાયા**

**Dr. Kiranben. J. Patel**

# અભ્યાસક્રમ વિકાસના પાયા

- **અભ્યાસક્રમના મનોવૈજ્ઞાનિક પાયા**

શિક્ષણ અને મનોવિજ્ઞાન એ તાત્વિક રીતે જોતા એકબીજાથી ભિન્ન નથી શિક્ષણ એ મુખ્યત્વે માનસિક કાર્ય છે અને તેથી મનોવિજ્ઞાન શિક્ષણકાર્ય ની પાછળ જાણે-અજાણે પણ રહેતું આવ્યું છે શિક્ષણની પાશ્વ ભૂમિકામાં મનોવિજ્ઞાન રહે છે પરંતુ અમુક મર્યાદામાં રહીને જ શિક્ષણની અસર કરે છે

# અભ્યાસક્રમના મનોવૈજ્ઞાનિક પાયા

- વ્યક્તિ જ્યારે અન્ય વ્યક્તિ કે વ્યક્તિ સમૂહ સાથે આંતરક્રિયા કરે છે ત્યારે મનોવિજ્ઞાન કાર્યરત હોય છે માનવીના આંતરિક અને બાહ્ય વર્તન માત્ર સાથે મનોવિજ્ઞાન જોડાયેલું છે શૈ ક્ષણિક મનોવિજ્ઞાન થકી શિક્ષણ એ તેની અસર કારકતામાં  નોંધપાત્ર વધારો કર્યો છે બાળક શિક્ષણ નું કેન્દ્ર છે અને તેને ઓળખવા માટે શૈક્ષણિક મનોવિજ્ઞાન સંશોધન થકી મજબૂત આધારો પૂરા પાડે છે મનોવિજ્ઞાન અભ્યાસક્રમ સાથે અનેક સ્તરે મજબૂત રીતે જોડાય છે આ સંદર્ભમાં અભ્યાસક્રમના મનોવૈજ્ઞાનિક આધારો નીચે દર્શાવેલ છે

# અભ્યાસક્રમ ના મનોવૈજ્ઞાનિક આધાર

- મનોવિજ્ઞાનને  આત્માનું વિજ્ઞાન, મનનું વિજ્ઞાન, ચેતનાનું વિજ્ઞાન અને છેલ્લે વર્તન અને વ્યવહાર નું  વિજ્ઞાન કહેવામાં આવેલ છે.
- મનોવિજ્ઞાન ના મુખ્યત્વે ત્રણ સ્ત્રોત છે 1.describing 2. Explanning 3 predicting
- મનોવૈજ્ઞાનને અભ્યાસક્રમ સાથે પાંચ રીતે સાંકળી શકાય

1.શિક્ષણના હેતુઓ : રચતી વખતે મનોવિજ્ઞાન ની જરૂર પડે છે

2 બાળકના વ્યક્તિગત તફાવતો : અભ્યાસક્રમ રચતી વખતે રસ, વલણ, શક્તિ, વ્યક્તિત્વ દયાનમાં રાખવા પડે

3.શીખવાની પ્રક્રિયા : બાળકની શીખવાની ગતિ મુજબ અભ્યાસક્રમની રચના કરવી  પડે  દા. ત  બી. એફ  સ્કીનર સૃદ્રઢક દ્વારા શીખવા પર ભાર મૂકે છે, થ્રોર્ન ડાઈક  પ્રયત્ન અને ભૂલ દ્વારા  શીખવા પર ભાર મૂકે છે

# અભ્યાસક્રમ વિકાસના મનોવૈજ્ઞાનિક પાયા

- **4. શૈક્ષણિક પદ્ધતિ :** શૈક્ષણિક પદ્ધતિ મનોવૈજ્ઞાનને આધારે નક્કી કરી શકાય ,વિવિધ શૈક્ષણિક પદ્ધતિને આધારે બાળકોમાં પ્રેરણા, પ્રોત્સાહન, અને વ્યક્તિત્વનો વિકાસ કરી શકાય
- **5.મૂલ્યાંકન પ્રક્રિયા** : શીખવ્યા પછી પરીક્ષા કેવી રીતે લેવી તે પણ મનોવિજ્ઞાન નો આધાર લેવો પડે છે લેખિત, મૌખિક, ક્રિયાત્મક વિવિધ પ્રકારની પરીક્ષાઓ યોજવા મનોવિજ્ઞાન જરૂરી છે
- આમ, અભ્યાસક્રમ ના મનોવૈજ્ઞાનિક આધાર નીચેના  ચાર વાદ દ્વારા પણ સ્પષ્ટ કરી શકાય

# અભ્યાસક્રમના મનોવૈજ્ઞાનિક પાયા

- 1.માનવતાવાદ : જેમાં મૂલ્યો આધારિત શિક્ષણનો સમાવેશ થાય છે, બાળકના મનોવિજ્ઞાનનો એવી રીતે વિકાસ કરવો કે તે મૂલ્યો ને  જાણે, માનવતાનો અર્થ બાળકોમાં દયા, કરુણા, પ્રેમ, સહાનુભૂતિ, પરોપકાર નો વિકાસ કરવો

- 2.વ્યવહારવાદ : અભ્યાસક્રમથી બાળકોના વર્તન અને વ્યવહાર કેવી રીતે બદલી શકાય ,જેમકે સ્કીનર ના મતે સુદ્રઢકો આપવાથી વ્યવહાર અને વર્તન માં  પરિવર્તન લાવી શકાય, થ્રોર્ન ડાઈક ના મતે પ્રયત્ન અને ભૂલ દ્વારા વર્તનમાં  બદલાવ લાવી શકાય

# અભ્યાસક્રમ ના  મનોવૈજ્ઞાનિક પાયા

- 3. **સંરચનાત્મકવાદ :** અભ્યાસક્રમ દ્વારા  માનસિક પ્રક્રિયાનો વિકાસ કેવી રીતે કરી શકાય, જિન પિયાજે નો જ્ઞાનાત્મક વિકાસ આ બાબતને સ્પષ્ટ કરે છે, અહીં બાળકોમાં સર્જનાત્મકતા, સમસ્યા સમાધાન, તાર્કિકતા જેવી માનસિક પ્રક્રિયા નો વિકાસ થાય તેવો અભ્યાસક્રમ ઘડવો જોઈએ

- **4.રચનાત્મકવાદ** : જેમાં સામાજિક સંરચના, સામાજિક પ્રક્રિયા, સહયોગ, પૂર્વજ્ઞાન, સામાજિક આંતરક્રીયા જેવી બાબતોનો વિકાસ કરવો

- આમ અભ્યાસ ક્રમના મનોવૈજ્ઞાનિક પાયા નીચેની બાબતો સ્પષ્ટ કરે છે.

# અભ્યાસક્રમના મનોવૈજ્ઞાનિક પાયા

- મનોવિજ્ઞાન બાળક ની વય અને કક્ષાના સંદર્ભમાં તેના લક્ષણો, અધ્યયન તરાહો, જ્ઞાન, સંરચનાઓ, જરૂરિયાતો વગેરેના સિદ્ધાંતો આપે છે તે બાળકની વૃદ્ધિ અને વિકાસના સંદર્ભમાં અભ્યાસક્રમ રચવા માટેના મહત્વના સિદ્ધાંતો થકી દિશા નિર્દેશ આપે છે આ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે અભ્યાસક્રમ ની રચના થવી જોઈએ
- દરેક બાળક અન્ય બાળક કરતા અલગ હોય છે. આ ભિન્નતા બાળકને વિશિષ્ટ બાળક બનાવે છે બે બાળકો વચ્ચે રહેલ વ્યક્તિગત તફાવ તો શારીરિક, માનસિક, સાવેગીક, સામાજિક, બૌદ્ધિક કે મનોશારીરિક હોઈ શકે છે આ સંદર્ભમાં અભ્યાસક્રમ તમામ ને ધ્યાનમાં રાખીને રચાવો જોઈએ

# અભ્યાસક્રમના મનોવૈજ્ઞાનિક પાયા

- બાળકના ઘડતરમાં વાતાવરણ મહત્વની ભૂમિકા ભજવે છે બાળકના રસ –રુચિ, વલણ, અભિયોગ્યતા, શોખ વગેરે તેને મળેલા વાતાવરણની નીપજ સ્વરૂપે નિર્માણ પામે છે આ સંદર્ભમાં અભ્યાસક્રમ નું વિષયવસ્તુ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓનું આયોજન થવું જોઈએ

- અભ્યાસક્રમ પર દરેક બાળકની સિધ્ધિ અલગ-અલગ હોય છે દરેક બાળકની સમજવાની, ધારણ કરવાની, વિશ્લેષણ કરવાની, મૂલ્યાંકન કરવાની વાંચન, લેખન, ગણન, કૌશલ્ય કે અભિવ્યકત થવાની ક્ષમતા ભિન્ન હોય છે પરિણામે તેઓની શૈક્ષણિક સિધ્ધિ ભિન્ન જોવા મળે છે હોશિયાર, મધ્યમ અને નબળા બાળકોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ રચના થવી જોઈએ નબળાને હોશિયાર બનવાની અને હોશિયાર ને સર્જક બનવાની સમાન તકો અભ્યાસક્રમ પૂરી પાડતો હોવો જોઈએ

# અભ્યાસક્રમના મનોવૈજ્ઞાનિક પાયા

- બાળક સમૂહમાં કામ કરે છે અને ભવિષ્યમાં સમાજરૂપી સમૂહમાં કામ પાર પાડવાનું રહે છે  જ્યારે સમૂહમાં કે અન્ય સાથે કામ કરવાનું રહે ત્યારે વિચારોની ભિન્નતા અને ઐક્ય  ભૂમિકા ભજવે છે  ક્યારેક સહમત, અસહમત ક્યારેક અનુકૂલન,  અપાનુકૂલન જોવા મળે છે

- સમૂહમાં કાર્ય કરવા માટે એકબીજાને ઓળખવા, સ્વીકારવા,  અનુકુલન સાધવુ, વિચારોની આપ-લે કરવી,  સ્વસ્થ ચર્ચા કરવી,  સહકાર આપવો,  જતું કરવું,  સ્વસ્થ સ્પર્ધા  કરવી,  ઈર્ષા ભાવથી પર રહેવું જરૂરી છે અભ્યાસક્રમ બાળકને સમૂહજીવન ના પાઠ શીખવે તેવો હોવો જોઈએ, જેથી  ભવિષ્યમાં તે અપાનુકૂલન નો શિકાર ન બને